**ક્રમાંક-૪**

**પત્રક ભાગ-૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**ત્રીજું સત્ર**
**શનિવાર, તા. ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૨૩**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

**૧. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલ કાગળો**

**નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.**

**(૧)** ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકનો ગુજરાતના વન્યજીવ અભ્યારણ્યોના રક્ષણ, સંરક્ષણ અને વ્યવસ્થાપનની કામગીરીનો ઓડિટ અહેવાલ (ગુજરાતી અને અંગ્રેજી)

**માનનીય પ્રભારી મંત્રીશ્રી ઋષિકેશ પટેલ**

**(૨)** ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડનો સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**માનનીય પ્રવાસન મંત્રીશ્રી મુળુભાઇ બેરા**

**(૩)** ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજયકક્ષાના વન મંત્રીશ્રી મુકેશભાઇ પટેલ**

**(૪)** ગુજરાત રાજ્ય દિવ્યાંગ ફંડના સન ૨૦૧૮-૧૯થી ૨૦૨૦-૨૧ સુધીના વાર્ષિક હિસાબો તેમજ આ હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરિયા**

**૨. પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશન**

**શબ્દો રેકર્ડ ઉપરથી રદ કરવા અંગે**

સભ્યશ્રી રમણલાલ વોરાએ તા. ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ ઉપસ્થિત કરેલ પોઇન્ટ ઓફ ઓર્ડરમાં ઉચ્ચારાયેલ શબ્દો રદ કરવા પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશનનો મુદ્દો ઉપસ્થિત કરી પોતે ઉચ્ચારેલા શબ્દો અંગે દિલગીરી વ્યક્ત કરી. ત્યારબાદ અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે આપે દિલગીરી વ્યકત કરવાની રહેતી નથી. અધ્યક્ષશ્રીની ચેરની ગરિમા જાળવી રાખવાની આપની, મારી અને સર્વે સભ્યશ્રીઓની જવાબદારી બને છે. કયાંક મારું કડકાઇપૂર્વકનું વર્તન લાગતું હોય, પણ તે ગૃહની ગરિમા જળવાય તેના ભાગરૂપે હોય છે અને અજુગતા શબ્દો હશે તો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવશે.

**૩. સરકારી વિધેયકો**

**(૧)** માનનીય શિક્ષણ મંત્રીશ્રી ઋષિકેશ પટેલે સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૨૫-સન ૨૦૨૩નું ગુજરાત પબ્લિક યુનિવર્સિટી વિધેયક દાખલ કર્યા બાદ વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા
(૨) ડો.મહેન્દ્રભાઇ પાડલિયા(પ્રવચન અધૂરું)

( વિરામ બપોરના ૧૨-૦૦થી ૧૨-૩૦)

વિરામ બાદ સભ્ય ડો.મહેન્દ્રભાઇ પાડલિયાએ તેમનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૩) શ્રી અમીત ચાવડા (કોંગ્રેસ પક્ષના નેતાશ્રી)
(૪) શ્રી અમીત ઠાકર
(૫) શ્રીમતી નિમિષાબેન સુથાર
(૬) ડો.કિરીટકુમાર ચી.પટેલ

**૪. સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે આજના દિવસની કામકાજની યાદીમાં દર્શાવેલ કામકાજ પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતાં, તેને કોંગ્રેસ પક્ષના દંડક ડો.

સી.જે.ચાવડાએ સમર્થન આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તદનુસાર સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો. (બપોરના- ૨-૧૩)

**૫. સરકારી વિધેયકો(ક્રમશઃ)**

ત્યારબાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

| | |
|---|---|
| (૭) શ્રી કેયુર રોકડિયા | (૧૧) ડો.સી.જે. ચાવડા(કોંગ્રેસ પક્ષના દંડકશ્રી) |
| (૮) શ્રી કૌશિકભાઇ જૈન | (૧૨) શ્રી હાર્દિક પટેલ |
| (૯) શ્રી અમૃતજી ઠાકોર | (૧૩) શ્રી પ્રવીણકુમાર માળી |
| (૧૦) શ્રી હર્ષદભાઇ પટેલ | (૧૪) શ્રી શૈલેષ પરમાર |

ચર્ચાનો જવાબ માનનીય શિક્ષણ મંત્રીશ્રી ઋષિકેશ પટેલે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ-૨થી ૫૪, અનુસૂચિ, કલમ-૧, દીર્ઘસંજ્ઞા,ઇનેક્ટિંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ-૨થી ૫૪, અનુસૂચિ, કલમ-૧, દીર્ઘસંજ્ઞા,ઇનેક્ટિંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**(૨)** માનનીય રાજ્યકક્ષાના શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઇ પાનસેરીયાએ સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૨૨-સન ૨૦૨૩નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી દ્વિતીય (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

| | |
|---|---|
| (૧) શ્રીમતી સંગીતાબેન પાટીલ | (૪) ડો.કિરીટકુમાર ચી. પટેલ |
| (૨) શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા | (૫) શ્રી હર્ષદકુમાર પટેલ |
| (૩) શ્રી મનુભાઇ પટેલ | (૬) શ્રી શૈલેષ પરમાર |

ચર્ચાનો જવાબ માનનીય રાજ્યકક્ષાના શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઇ પાનસેરીયાએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ ૨ ઉપરનો સુધારો

મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે કલમ-૨ ઉપરનો તેમનો સુધારો રજૂ કર્યો.

સુધારો મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ સુધારેલી કલમ-૨ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ-૨ વિધેયકનો ભાગ બની.

**કલમવાર વાચન**

કલમ-૩, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ-૩, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**૬. છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨)**

**"મેરી માટી મેરા દેશ" અભિયાન અંગે**

સભ્યશ્રી શિવાભાઇ ગોહિલે "મેરી મીટ્ટી મેરા દેશ" અભિયાન અંતર્ગત ગામેગામથી માટીના કળશ તાલુકા કક્ષાએથી જિલ્લા કક્ષાએ લઇ જવામાં આવશે. સમગ્ર રાષ્ટ્રમાંથી એકત્રિત થયેલ માટીમાંથી કર્તવ્યપથ ઉપર અમૃતવાટિકા બનાવવામાં આવશે. આ વાટિકા લોકોના દિલમાં રાષ્ટ્ર ભાવના જાગૃત કરશે. આ અભિયાનમાં રાજ્યના તમામ લોકો જોડાઇને મેરી માટી મેરા દેશ અભિયાનને સફળતાપૂર્વક પાર પાડવા અંગે આ સભાગૃહમાં ચર્ચા-વિચારણા કરવા બાબતનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

ત્યારબાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડો. સી.જે.ચાવડા(કોંગ્રેસ પક્ષના દંડક)
(૨) શ્રીમતી માલતી મહેશ્વરી
(૩) શ્રીમતી રીવાબા જાડેજા
(૪) શ્રી નરેશભાઇ પટેલ
(૫) શ્રી અમીત ઠાકર
(૬) શ્રી સંજય કોરડિયા
(૭) શ્રી બચુભાઇ ખાબડ (રા.ક.મંત્રીશ્રી)

છેલ્લા દિવસના પ્રસ્તાવ પરની ચર્ચા પૂરી થઇ.

**૭. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો (નિયમ-૮૭-ક)**

સચિવશ્રીએ, ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૮૭(ક) અન્વયે ૧૮૧ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

**૮. સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખવા અંગે**

માનનીય અધ્યક્ષશ્રીએ સાંજના ૬-૧૫ વાગ્યે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૯(૧) અન્વયે સભાગૃહની બેઠક અનિશ્ચિત સમય માટે મુલતવી રાખી.

ત્યારબાદ " વંદેમાતરમ " રાષ્ટ્રીય ગીતની ધૂન વગાડવામાં આવી.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા.૧૬મી સપ્ટેમ્બર, ૨૦૨૩

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.